

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 268
Dt.: 09-06-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

### તમામ ભારતીયો તાત્કાલિક ઈરાન છોડે

# મિડલ ઈસ્ટમાં ફરી યુદ્ધના એંધાણ થતાં નવી એડવાઈઝરી જાહેર

### નાગરિકોને ઈરાનની મુસાફરી ટાળવાની સલાહ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ-ઈસ્ટમાં એકવાર ફરી યુદ્ધ શરૂ થઈ ગયું છે. ઈરાન અને ઈઝરાયેલ બંને એકબીજા ઉપર મિસાઈલો છોડી રહ્યા છે. આવા ગંભીર સંજોગોમાં ઈરાન સ્થિત ભારતીય દૂતાવાસે એક એલર્ટ એડવાઈઝરી જાહેર કરી દીધી છે. ભારતીય દૂતાવાસે ત્યાં વસતા ભારતીય નાગરિકોને તાત્કાલિક ઈરાન છોડી દેવાની સલાહ આપી છે. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે આ વિસ્તારની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ ભારતીય નાગરિકોને કડક સૂચના આપી છે કે તેઓ હાલ પૂરતી ઈરાનની કોઈ પણ પ્રકારની યાત્રા ન કરે. દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે કે, સુરક્ષાની દૃષ્ટિએ અત્યારે ત્યાં જવું બિલકુલ યોગ્ય નથી. આ સાથે જ, ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને ઈરાનમાં હાજર ભારતીયોને પણ દેશ છોડવા માટે કહ્યું છે. એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે, આ સમયે ઈરાનમાં રહી રહેલા તમામ ભારતીયો જે પણ સાધન ઉપલબ્ધ હોય, તેનો ઉપયોગ કરીને તાત્કાલિક દેશની બહાર નીકળી જાય. તમને જણાવી દઈએ કે, ઈરાને રવિવારે મોડી રાત્રે ઈઝરાયેલ પર હુમલા કર્યા હતા. તેના જવાબમાં ઈઝરાયેલે પણ ઈરાનના ઘણા શહેરોને નિશાન બનાવ્યા હતા. ઈઝરાયેલે વોરશિપ્સ અને બેલિસ્ટિક મિસાઈલોથી તેહરાન, ઈસ્ફહાન, તબરીઝ સહિતના કેટલાય વિસ્તારોમાં એટેક કર્યો હતો. આ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નેતન્યાહુને ઈરાન પર જવાબી કાર્યવાહી કરવાની ના પાડી હતી. તેમ છતાં ઈઝરાયેલે ઈરાન પર મિસાઈલો છોડી દીધી હતી. હવે ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ એક લાઈવ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું છે કે, વર્તમાન સીઝફાયરના ઉલ્લંઘન માટે અમેરિકા સીધું જ જવાબદાર છે. બઘાઈના જણાવ્યા મુજબ, ઈઝરાયેલની હરકતોને અમેરિકી નીતિઓથી અલગ કરીને જોઈ શકાય નહીં. તેમણે દાવો કર્યો કે, ઈઝરાયેલ જે કંઈ પણ કરી રહ્યું છે, તેની પાછળ અમેરિકાની નીતિઓ જ કામ કરી રહી છે.

### જયશંકર સાથે બેઠક પછી નેપાળના વિદેશ મંત્રીની સ્પષ્ટતા

## નેપાળનો યુ-ટર્ન, સરહદ વિવાદના ઉકેલ માટે દ્વિપક્ષીય ચર્ચાને સમર્થન

### નેપાળના વિદેશ પ્રધાને હવે ત્રીજા પક્ષની મધ્યસ્થીને નકારવાના ભારતને વલણના સમર્થન આપ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સાથેના સીમા વિવાદના ઉકેલ માટે ચીન અને બ્રિટનની મધ્યસ્થતાની માગણી કરીને વિવાદ ઊભો કર્યા પછી નેપાળે હવે યુ-ટર્ન લીધો છે. નેપાળના વિદેશ પ્રધાન શિશિર ખાનાલે રવિવારે જણાવ્યું હતું કે નેપાળ ભારત સાથેના સીમા વિવાદનો ઉકેલ હાલની દ્વિપક્ષીય વ્યવસ્થાઓ દ્વારા જ લાવવા માંગે છે. બંને દેશ ખુલ્લા મન અને પરસ્પર સન્માન સાથે ચર્ચા કરે તો કોઈપણ સમસ્યા એટલી મોટી કે જટિલ નથી જેનો ઉકેલ ન આવી શકે છે. આમ નેપાળના વિદેશ પ્રધાને હવે ત્રીજા પક્ષની મધ્યસ્થીને નકારવાના ભારતને વલણના સમર્થન આપ્યું છે. ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર સાથે બેઠક કર્યાના એક દિવસ પછી ખાનાલે આ નિવેદન આપ્યું હતું. જયશંકર સાથે તેમણે વેપાર, ક્રિટિકલ ટેકનોલોજી, કનેક્ટિવિટી અને ઊર્જા સહિતના ક્ષેત્રમાં સંબંધોને વધારવાની ચર્ચાવિચારણા કરી હતી. તાજેતરમા નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે ભારત સાથેની સીમા વિવાદના ઉકેલ માટે ચીન અને બ્રિટનની મધ્યસ્થાનો ઉલ્લેખ કરીને વિવાદ ઊભો કર્યો હતો. જોકે થોડા દિવસો બાદ ભારતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ મુદ્દાના ઉકેલમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા સ્વીકાર્ય નથી. આ પછી વિદેશ પ્રધાન શુક્રવારે ત્રણ દિવસની નવી દિલ્હીની મુલાકાતે આવ્યાં હતાં. ભારત અને નેપાળ વચ્ચે લાંબા સમયથી લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાની વિસ્તારોને લઈને વિવાદ છે.

ભારત સતત દાવો કરતું આવ્યું છે કે આ વિસ્તારો ઉત્તરાખંડનો ભાગ છે. ખાનાલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે બ્રિટનનો ઉલ્લેખ માત્ર ત્યાંની લાઈબ્રેરીઓ અને મ્યુઝિયમોમાં ઉપલબ્ધ ઐતિહાસિક દસ્તાવેજો અને માહિતી મેળવવાના સંદર્ભમાં કરવામાં આવ્યો હતો. અમે મધ્યસ્થી માંગતા ન હતાં, પરંતુ માત્ર ઐતિહાસિક પુરાવાઓ સુધી પહોંચવા ઇચ્છતાં હતાં.

## પશ્ચિમ બંગાળમાં CBIને તપાસની મળી ખુલ્લી છૂટ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ સરકારે એક મોટો વહીવટી નિર્ણય લેતા રાજ્યમાં સીબીઆઈ (CBI)ને તપાસ કરવા માટેની સંપૂર્ણ છૂટ આપી દીધી છે. હોમ એન્ડ હિલ અફેર્સ વિભાગ (ગૃહ મંત્રાલય) તરફથી ૦૮ જૂન ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલા સત્તાવાર નોટિફિકેશન અનુસાર, દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (DSPE) એક્ટ, ૧૯૪૬ હેઠળ CBIને રાજ્યમાં કેન્દ્રીય કર્મચારીઓ, કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU)ના કર્મચારીઓ અને તેમનાથી જોડાયેલા મામલાઓની તપાસ કરવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે.

આ નોટિફિકેશનનો સીધો અર્થ એ છે કે, પશ્ચિમ બંગાળ સરકારે CBIને રાજ્યમાં અમુક ચોક્કસ કેસોની તપાસ કરવા માટે ફરીથી સામાન્ય સંમતિ આપી દીધી છે.

### ૩ મીટર ઊંચી સુનામીની ચેતવણી, ઈન્ડોનેશિયા-મલેશિયા સુધી એલર્ટ

## ફિલિપાઈન્સમાં ૭.૮ તીવ્રતાનો ભૂકંપ, અનેક ઈમારતો ધરાશાયીઃ એકનું મોત

### ફિલિપાઈન્સના ભૂકંપ સંસ્થા અનુસાર તેની ઊંડાઈ ૧૦ કિલોમીટર હતી, જ્યારે અમેરિકી ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણે ૭.૮ તીવ્રતા અને ૫૫ કિલોમીટર ઊંડાઈ નોંધાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)મનીલા

ફિલિપાઈન્સમાં સોમવારે સવારે ૭.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. ત્યારબાદ ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી. પ્રારંભિક અહેવાલો અનુસાર ઘણા મકાનોને નુકસાન થયું છે અને એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.ભૂકંપનું કેન્દ્ર મિન્ડાનાઓ ટાપુના જનરલ સેન્ટોસ શહેરથી લગભગ ૧૩ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં હતું. ફિલિપાઈન્સના ભૂકંપ સંસ્થા અનુસાર તેની ઊંડાઈ ૧૦ કિલોમીટર હતી, જ્યારે અમેરિકી ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણે ૭.૮ તીવ્રતા અને ૫૫ કિલોમીટર ઊંડાઈ નોંધાવી.પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે ચેતવણી આપી છે કે ફિલિપાઈન્સના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩ મીટર સુધી ઊંચા મોજા ઉછળી શકે છે. જ્યારે ઈન્ડોનેશિયા અને મલેશિયાના કેટલાક દરિયાકિનારા પર ૧ મીટર સુધી ઊંચા મોજાનો ખતરો છે.ભૂકંપ બાદ અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ. જનરલ સેન્ટોસ શહેરમાં અનેક મકાનો અને ઈમારતોને નુકસાન થયું છે. રાહત અને બચાવ અભિયાન ચાલુ છે. પ્રશાસને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક ઊંચા સ્થાનો પર જવાની અપીલ કરી છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે ભૂકંપ બાદ તીવ્ર આંચકા આવી શકે છે.ફિલિપાઈન્સ વિશ્વના સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત દેશોમાંનો એક છે. તે પ્રશાંત મહાસાગરના 'રિંગ ઓફ ફાયર' ક્ષેત્રમાં આવેલું છે, જ્યાં વારંવાર ભૂકંપ અને જ્વાળામુખીની ગતિવિધિઓ થતી રહે છે.

## અમેરિકામાં AIને કારણે રેકોર્ડ છટણી, ટેક સેક્ટર સૌથી વધુ પ્રભાવિત

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસર હવે માત્ર કામ કરવાની રીત જ નહીં પરંતુ, નોકરીઓ પર પણ પડી રહી છે. અમેરિકામાં ૨૦૨૬ દરમિયાન જાહેર કરવામાં આવેલી છટણીઓમાં એઆઈ સૌથી મોટું કારણ બની ગયું છે. રિપોર્ટ મુજબ, કંપનીઓ દ્વારા કર્મચારીઓની છટણી માટે એઆઈનો ઉલ્લેખ સતત ત્રીજા મહિને સૌથી વધુ કરવામાં આવ્યો છે.જાણીતી કંપનીના આંકડા મુજબ, મે ૨૦૨૬માં અમેરિકન કંપનીઓએ કુલ ૯૭,૦૦૬ નોકરીઓ ઘટાડવાની જાહેરાત કરી હતી. તેમાં લગભગ ૪૦ ટકા છટણી માટે એઆઈને જવાબદાર ગણાવવામાં આવ્યું હતું. પહેલા પાંચ મહિનામાં એઆઈ સાથે જોડાયેલી આશરે ૮૭,૭૦૦ નોકરીઓની કપાત જાહેર થઈ હતી. જે સમગ્ર ૨૦૨૫ના આંકડા કરતા વધારે છે.સૌથી મોટો ફટકો ટેકનોલોજી સેક્ટરને પડ્યો છે. મે મહિનામાં માત્ર ટેક સેક્ટરમાં જ ૩૮,૨૪૨ નોકરીઓ ઘટાડવાની જાહેરાત કરી હતી. જે છેલ્લા લગભગ બે વર્ષમાં સૌથી ઊંચો માસિક આંકડો છે. વર્ષ ૨૦૨૬ દરમિયાન અત્યાર સુધી ટેક સેક્ટરમાં ૧.૨૩ લાખથી વધુ નોકરીઓ કપાઈ ચૂકી છે. જેમાં, કંપનીઓમાં કરવામાં આવેલ પુનઃગઠન સામેલ છે. ઘણી કંપનીઓ કર્મચારીઓ ઘટાડીને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓટોમેશન પાછળ ખર્ચ કરી રહી છે. રસપ્રદ વાત એ છે કે, છટણીઓ છતાં અમેરિકામાં કુલ રોજગાર બજાર મજબૂત છે. ઘણાં સેટર્સમાં નવી ભરતી ચાલુ છે. પરંતુ, માંગ હવે સામાન્ય ઓફિસ કામ કરતા એઆઈ, ડેટા, સોફ્ટવેર અને ટેકનિકલ સ્કીલ્સ ધરાવતા કર્મચારીઓની વધુ છે. એઆઈને કારણે નોકરીઓ સંપૂર્ણપણે ગાયબ થવાને બદલે કામનું સ્વરૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે.

### મોબાઈલ જપ્ત, ઈન્ટરનેટ પર પ્રતિબંધ

## NEET પેપર લીક રોકવા પેપર સેટર્સ અને ટ્રાન્સલેટર્સ લોકડાઉનમાં

### પેપર સેટિંગ પ્રક્રિયાનું આ લોકડાઉન આગામી જૂન ૨૧ના રોજ પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મે મહિનામાં લેવાયેલી NEET-UG પરીક્ષાનું પેપર લીક થયા બાદ, હવે સરકારે આગામી રી-ટેસ્ટ માટે બહુ જ કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

દેશના ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને, આ વખતે પરીક્ષાની આખી સિસ્ટમમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. આ નવા પ્લાન મુજબ, NEET-UG 2026ની રી-ટેસ્ટનું પ્રશ્નપત્ર તૈયાર કરનારા, તેની તપાસ કરનારા અને તેનું ભાષાંતર કરનારા તમામ નિષ્ણાતો અને સ્ટાફને એક ગુપ્ત અને સુરક્ષિત જગ્યાએ મોકલી દેવાયા છે. આ બધા લોકોને ત્યાં સંપૂર્ણપણે આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે, જેથી બહારની દુનિયા સાથે તેમનો સંપર્ક સાવ કપાઈ જાય. પેપર સેટિંગ પ્રક્રિયાનું આ લોકડાઉન આગામી જૂન ૨૧ના રોજ પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે.


અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, પ્રશ્નપત્ર તૈયાર કરવાના ગુપ્ત કામ સાથે જોડાયેલા તમામ કર્મચારીઓ હાલ કડક દેખરેખ હેઠળ એક સુરક્ષિત જગ્યાએ રોકાયા છે. સુરક્ષાના પહેલા સ્તર તરીકે તેમની પાસે રહેલા મોબાઈલ ફોન, લેપટોપ કે અન્ય પર્સનલ કોમ્યુનિકેશન ડિવાઈસના વપરાશ પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. એટલું જ નહીં, સ્માર્ટવોચ જેવા ડિજિટલ ગેજેટ્સ રાખવાની પણ મનાઈ છે.

ઈન્ટરનેટ અને બહારના લોકો સાથે વાત કરવા પર ચુસ્ત નિયંત્રણો છે. આ બિલ્ડિંગમાં માત્ર મંજૂરી મેળવેલા લોકોને જ એન્ટ્રી મળે છે અને અંદર આવવા-જવા વાળા દરેક વ્યક્તિની કડક નોંધ રાખવામાં આવે છે.

શિક્ષણ મંત્રાલય અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આગામી ૨૧ જૂનના રોજ બપોરે 2 pmથી સાંજના 5.15 pm દરમિયાન પેન અને પેપર મોડમાં આ રી-એક્ઝામ લેવાશે, જે ભારતના ૫૫૧ શહેરો અને વિદેશના ૧૪ શહેરોમાં યોજાવાની છે.

આ વખતના કડક આયોજનમાં પેપર લીક થતું અટકાવવા માટે આખી પ્રક્રિયાને નાના-નાના ભાગોમાં વહેંચી દેવામાં આવી છે, જેથી કોઈ એક વ્યક્તિ કે ગ્રૂપ પાસે તેની પૂરેપૂરી માહિતી ન રહે. પેપર તૈયાર કરવાથી લઈને તેના પ્રિન્ટિંગ, પેકિંગ, સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટેશન (એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા) સુધીના દરેક તબક્કે દેખરેખ વધારી દેવાઈ છે. ખાસ કરીને પ્રશ્નપત્રોને સુરક્ષિત રીતે પહોંચાડવા માટે સરકાર ઈન્ડિયન એરફોર્સ(IAF)ના વિમાનોનો ઉપયોગ કરવા પર પણ વિચાર કરી રહી છે.

આ ઉપરાંત, ઈન્ટરનેટની દુનિયા પર પણ ૨૪ કલાક નજર રાખવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા, મેસેજિંગ એપ્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ્સનું સતત મોનિટરિંગ કરાઈ રહ્યું છે, જેથી કોઈ નકલી પ્રશ્નપત્રો વાઈરલ ન કરી શકે, ખોટી અફવાઓ ન ફેલાવી શકે કે કોઈ ખોટું કામ ન કરી શકે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ અધિકારીઓને કડક સૂચના આપી છે કે અગાઉની પરીક્ષામાં જે પણ ખામીઓ રહી ગઈ હતી, તેને આ વખતે ગમે તે ભોગે દૂર કરવામાં આવે.




### મમતા બેનર્જીને મોટો ફટકો

## ૨૦ ટીએમસી સાંસદોએ સ્પીકરને પત્ર લખી NDAને ટેકો જાહેર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સુપ્રીમો મમતા બેનર્જીની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. બંગાળમાં ધારાસભ્યોના બળવા બાદ હવે પાર્ટીના ૨૦ લોકસભા સાંસદોએ પણ ખુલ્લેઆમ બળવો પોકાર્યો છે. આ ૨૦ સાંસદોએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને ભાજપના નેતૃત્વવાળા NDA (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ) ને પોતાનો ટેકો જાહેર કર્યો છે.

નવાઈની વાત એ છે કે, મમતા બેનર્જી હાલમાં ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હીમાં જ છે, અને બરાબર એ જ સમયે તેમની જ પાર્ટીના સાંસદોએ અલગ જૂથ બનાવીને TMC છાવણીમાં મોટો ભૂકંપ સર્જી દીધો છે.

સમાચાર એજન્સીઓના અહેવાલ મુજબ, આ બળવાની આગેવાની કાકોલી ઘોષ દસ્તીદારે લીધી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેમના સહિત ૨૦ સાંસદોએ NDA ને સમર્થન આપવાનો અંતિમ નિર્ણય લઈ લીધો છે.

કાકોલી દસ્તીદારે કહ્યું કે, "અમે બંગાળમાં ચૂંટણીના પરિણામો સ્વીકારી લીધા છે અને હવે અમને લાગે છે કે અમારું રાજકીય ભવિષ્ય અને માર્ગ NDA સાથે જ સુરક્ષિત છે." આ તમામ બળવાખોર સાંસદોએ લોકસભા સ્પીકરને પત્ર લખીને ગૃહમાં પોતાના માટે અલગ બેઠક વ્યવસ્થા ફાળવવાની પણ વિનંતી કરી છે. છેલ્લા ઘણા સમયથી TMC માં ભાગલા પડવાની અટકળો ચાલી રહી હતી.



# તંત્રી લેખ......

## ગુનેગારોને સજા મળવી જોઈએ

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટ અંગે ઘણી વિગતો બહાર આવી રહી છે. જોકે સરકારે હજુ સુધી પુષ્ટિ કરી નથી કે તે આતંકવાદી હુમલો હતો, પરંતુ સંકેતો મળી રહ્યા છે કે તે છે. શું આ દેશને અસ્થિર કરવાનું કાવતરું છે? જો તે કાવતરું છે, તો એનઆઈએએ ખાતરી કરવી જોઈએ કે કોઈ ગુનેગારોને છોડવામાં ન આવે. મંગળવારે આ ઘટનાની તપાસ એજન્સીને સોંપવામાં આવી હતી.

પુલવામા શંકાસ્પદઃ અહેવાલો અનુસાર, આ ઘટના કથિત રીતે પુલવામા સાથે જોડાયેલી છે. નોંધનીય છે કે વિસ્ફોટ પહેલા, સુરક્ષા એજન્સીઓએ એક આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો જે જમ્મુ અને કાશ્મીરમાં ઉદ્ભવ્યો હતો અને પછી હરિયાણા અને ઉત્તર પ્રદેશ સુધી ફેલાયો હતો. હાલમાં, એવું માનવામાં આવે છે કે દિલ્હી બ્લાસ્ટનો મુખ્ય શંકાસ્પદ પુલવામા નિવાસી ઉમર મોહમ્મદ છે. તે તે જ કાર ચલાવી રહ્યો હતો જેમાં વિસ્ફોટ થયો હતો.

આતંક મોડ્યુલઃ સરકાર આ બાબતમાં અત્યંત સાવધાની સાથે આગળ વધી રહી છે, અને રાષ્ટ્રીય સુરક્ષા અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને આ જરૂરી છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે આતંકવાદી જૂથો ઓછા શિક્ષિત અને સામાજિક રીતે અલગ પડેલા યુવાનોને નિશાન બનાવે છે કારણ કે તેમની સાથે ચાલાકી કરવી સરળ છે. જો કે, આતંકવાદી મોડ્યુલમાં ડોકટરોની ધરપકડ એક ખતરનાક વલણ છે.

ગુપ્તચર નિષ્ફળતાઃ જ્યારે દિલ્હી વિસ્ફોટો અને અગાઉની ધરપકડો વચ્ચે કોઈ સીધો સંબંધ સ્થાપિત થયો નથી, આ ગુપ્તચર માહિતી પર પ્રશ્નો ઉભા કરે છે. જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા લોકો રાજધાનીની નજીક રહેતા હતા અને કાવતરું ઘડ્યું હતું, ૨૯૦૦ કિલો વિસ્ફોટકો એકઠા કર્યા હતા, અને કોઈને તેના વિશે ખબર પણ નહોતી! જો આ ખુલાસામાં વધુ વિલંબ થયો હોત, તો દેશ એક મોટી દુર્ઘટનાનો સામનો કરી રહ્યો હોત.

તકેદારી જરૂરી છેઃ દિલ્હીમાં છેલ્લો મોટો આતંકવાદી હુમલો સપ્ટેમ્બર ૨૦૧૧ માં થયો હતો, જ્યારે હાઈકોર્ટની બહાર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૧ લોકો માર્યા ગયા હતા અને મોટી સંખ્યામાં અન્ય ઘાયલ થયા હતા. ત્યારથી, છૂટાછવાયા બનાવો બન્યા છે, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. વધુમાં, જમ્મુ અને કાશ્મીર સિવાય દેશના બાકીના ભાગોમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો છે. વૈશ્વિક આતંકવાદ સૂચકાંક પણ દર્શાવે છે કે ભારતમાં પરિસ્થિતિમાં સુધારો થયો છે, જ્યારે પડોશી પાકિસ્તાન આતંકવાદી પ્રવૃત્તિઓમાં વિશ્વમાં બીજા ક્રમે છે. જો કે, આ શાંતિ ફક્ત ત્યારે જ જાળવી શકાય છે જો એજન્સીઓ સતત સતર્ક રહે. આતંકવાદને ફરીથી ઉભરી આવવાની તક આપવી જોઈએ નહીં. વધુમાં, ગુપ્તચર તંત્રએ એવી રીતે કાર્ય કરવું જોઈએ કે આવા ગુનાઓ ન થાય.

# વડોદરામાં એક મહિના સુધી પાણીનો કાપ : હજારો પરીવારો મુકાશે મુશ્કેલીમાં



પ્રતિનિધિ,ગાંધીનગર

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે સંસ્કારી નગરી વડોદરાના નાગરીકો માટે અત્યંત ચિંતાજનક અને મુશ્કેલીભર્યા સમાચાર બહાર આવ્યા છે. વડોદરા શહેરમાં પીવાના પાણીનો પ્રશ્ન વધુ ગંભીર બનવા જઈ રહ્યો છે. મહિસાગર નદીમાં આવેલા ફ્રેન્ચવેલમાં ભારે પ્રમાણમાં રેતી ભરાઈ જતા આગામી એક મહિના સુધી શહેરના અડધા ભાગમાં મોટો પાણી કાપ ઝીંકવામાં આવ્યો છે.

ખાસ કરીને છાણી, ફતેગંજ અને પાણી ગેટ સહિતના વિસ્તારોમાં હવે ૨૪ કલાકમાં માત્ર એક જ સમયે પાણી આપવાનો વહિવટી તંત્રએ નિર્ણય લીધો છે. જેને પગલે સ્થાનિક નાગરીકોમાં પાલિકા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા શહેરના મોટા ભાગના વિસ્તારોને પીવાનુ પાણી પુરૂ પાડતી મહિસાગર નદીની ફ્રેન્ચવેલ સિસ્ટમમાં છેલ્લા કેટલાક સમયથી અસાધારણ પ્રમાણમાં રેતી ભરાઈ ગઈ છે. રેતી જમા થઈ જવાના કારણે કુવાઓમાંથી પાણી ઉપાડવાની મશીનરીની ક્ષમતામાં મોટો ઘટાડો નોંધાયો છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા રાયકા અને દોડકા વિસ્તારમાં આવેલી ફ્રેન્ચવેલમાંથી રેતી દુર કરવાની વિશેષ અને અત્યંત જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ સફાઈ અભિયાન પૂર્ણ થવામાં અંદાજે એક મહિના જેટલો લાંબો સમય લાગી શકે છે.

આ મેઈન્ટેનન્સ ની કામગીરીના કારણે વડોદરાના અનેક મોટા વિસ્તારોમાં પાણીનો સપ્લાય ઘટાડી દેવામાં આવ્યો છે. છાણી, ફતેગંજ અને પાણીગેટ જેવા ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં હવેથી માત્ર એક જ વખત પાણી વિતરણ કરવામાં આવશે. જો કે આ કટોકટી શરૂ થતા ની સાથે જ સ્થાનિક લોકોની મુશ્કેલીઓ બેવડાઈ ગઈ છે. અનેક સોસાયટીઓ અને એપાર્ટમેન્ટસમાંથી પુરતા દબાણ થી પાણી ન મળવાની ફરીયાદો ઉઠી છે. કેટલાક છેવાડાના વિસ્તારોમાં તો લોકો ઘરો સુધી પાણી બિલકુલ પહોચી રહ્યુ નથી. જેના કારણે ગૃહિણીઓ, બાળકો અને વડીલોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. પાણીની તીવ્ર અછતથી પરેશાન બનેલા નાગરીકોનો પિત્તો ગયો હતો અને તેમણે પાણી ગેટ વિસ્તારની ઝોન કચેરી ખાતે પહોચીને ગરમી વચ્ચે તંત્ર સામે ઉગ્ર રજુઆતો કરી હતી. સ્થાનિક રહીશ નિર્મળાબેન પાંડે એ ભારે આક્રોશ સાથે જણાવ્યુ હતુ કે અહી પહેલા થી જ ખુબ જ ઓછા ફોર્સ થી પાણી મળતુ હતુ અને હવે વળી આ નવો પાણી કાપ ઝીંકી દેવાતા અમારી સ્થિતિ નરક જેવી બની ગઈ છે. નાગરીકોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલીક ટેન્કરો દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

# વિસનગરમાં ભાજપના નેતાએ જીવન ટુંકાવતા ગુજરાતના રાજકારણમાં હડકંપ: ચુંટણીમાં બિનહરીફ વિજેતા બનવા છતાં કેમ ભર્યુ આવુ પગલુ ?




પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાંથી એક દુઃખદ ઘટના આજે બનવા પામી હતી. વિસનગર નગરપાલિકાના વોર્ડ નં.૧ના નગરસેવક દિપક મોદીનુ નિધન થતા સમગ્ર શહેરમાં શોક ની લાગણી પ્રસરી ગઈ હતી. રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે સક્રિય રહેલા દિપક મોદીના અચાનક અવસાનના સમાચાર થી તેમના સમર્થકો, મિત્રો અને સ્થાનિક નાગરીકોમાં દુઃખની લાગણી જોવા મળી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર દિપક મોદીનો મૃતદેહ રેલ્વે ટ્રેક નજીકથી મળી આવ્યો હતો. જેથી દિપક મોદી કોઈ અગમ્ય કારણોસર ટ્રેન નીચે પડતુ મુકીને પોતાનુ જીવન ટુંકાવ્યુ હોવાનુ હાલ અનુમાન લગાડવામાં આવી રહ્યુ છે. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ, રેલ્વે પોલીસ અને અન્ય અધિકારીઓ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ટ્રેન નજીકથી તેમનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. હાલ પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. દિપક મોદી વિસનગર નગરપાલિકાના વોર્ડ નં. ૧ ના નગરસેવક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા અને વિસ્તારમાં લોકપ્રિય જનપ્રતિનિધિ તરીકે ઓળખ ધરાવતા હતા. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે તેઓ વિસ્તારના વિકાસ કાર્યો તેમજ લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે સતત સક્રિય રહેતા હતા. તેમના નિધનના સમાચાર મળતા જ મોટી સંખ્યામાં કાર્યકરો, મિત્રો અને શુભેચ્છકો તેમના પરીવારને સાંત્વના પાઠવવા તેમના નિવાસસ્થાને પહોચ્યા હતા. પોલીસે ઘટનાને લઈને વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળે થી મળેલી માહિતી, પરીવારજનોના નિવેદનો તેમજ અન્ય સંજોગોના આધારે તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓનુ કહેવુ છે કે તમામ પાસાઓની તપાસ પૂર્ણ થયા બાદ ઘટનાના ચોકકસ કારણો અંગે વધુ સ્પષ્ટતા થઈ શકશે. પોસ્ટ મોર્ટમ સહિતની કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને તપાસ રીપોર્ટ બાદ વધુ વિગતો બહાર આવવાની શકયતા છે.

# બેંક કર્મી સાથે APK ફાઈલથી લાખોની ઠગાઈ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ડાંગ

ટેકનોલોજીના આ યુગમાં સાયબર ગુનેગારો હવે બેંકના કર્મચારીઓને પણ પોતાની જાળમાં ફસાવી રહ્યા છે. ડાંગ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસને એક મોટી સફળતા મળી છે, જેમાં એક બેંક કર્મચારી સાથે થયેલી રૂ. ૨.૪૦ લાખની ઓનલાઈન ઠગાઈના તાર છેક છત્તીસગઢ સુધી લંબાયા હતા. ડાંગ પોલીસે ટેકનિકલ સોર્સિસના આધારે ઓપરેશન પાર પાડીને મુખ્ય આરોપીને છત્તીસગઢથી દબોચી લીધો છે. ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા એક બેંક કર્મચારીના મોબાઈલ પર **WhatsApp** એપ્લિકેશન દ્વારા એક અજાણી **'APK** ફાઈલ' (એપ્લિકેશન પેકેજ ફાઈલ) મોકલવામાં આવી હતી. આ બેંક કર્મચારીએ અજાણતામાં એ ફાઈલ ડાઉનલોડ કરતાની સાથે જ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો. સાયબર ઠગોએ તેના આધારે બેંક કર્મચારીના ખાતામાંથી ક્ષણભરમાં રૂ. ૨ લાખ ૪૦ હજારની રકમ બારોબાર ઉપાડી લીધી હતી.

# ગુજરાતમાં શાળાઓ ખુલતા જ સ્કુલ ઓટો રીક્ષા અને વાનના ભાડામાં તોતીંગ વધારો ઝીંકાયો

### અમદાવાદ સ્કુલ વર્ધી એસોસીએશને ભાડાનુ લીસ્ટ કર્યુ જાહેર



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયની તમામ પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આજે સોમવારથી નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ -૨૭ નો ધમાકેદાર પ્રારંભ થયો હતો. ઉનાળાના ૩૫ દિવસના લાંબા વેકેશન બાદ આજે અમદાવાદ સહિત સમગ્ર રાજયની ગલીઓ , સ્કુલ બસ, યુનિફોર્મ અને બાળકોના કલરવ થી ગુંજી ઉઠી હતી. પ્રથમ દિવસે શાળાઓમાં કુમકુમ તીલક, ગુલાબના ફુલ અને ચોકલેટ આપીને વિદ્યાર્થીઓનુ પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું.

આજથી વાલીઓને મોઘવારીનો વધુ એક માર પડયો છે. સ્કુલ વાન માં રૂપીયા ૨૦૦ અને રીક્ષાના ભાડામાં રૂપીયા ૧૦૦ નો વધારો કરાયો છે. અમદાવાદમાં સ્કુલ વર્ધી એસોસીએશનની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પેટ્રોલ-ડીઝલ અને સીએનજીના ગેસના ભાવમાં વધારો થતા સ્કુલ વર્ધી એસોસીએશન દ્વારા ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો છે. આજે સોમવારે સ્કુલ વર્ધી એસોસીએશનની બેઠક મળી હતી. જેમાં સ્કુલ વાનના ભાડામાં ૨૦૦ રૂપીયા અને સ્કુલ રીક્ષાના ભાડામાં ૧૦૦ રૂપીયાનો વધારો કરવામાં આવ્યો છે. ભાડા પત્રક પર નજર કરીએ તો

સ્કુલ રીક્ષાનુ જુનુ ભાડુ (૨૦૨૪)
સ્કુલ રીક્ષા નુ નવુ ભાડુ (૨૦૨૬)
સ્કુલ વેન નુ જુનુ ભાડુ (૨૦૨૪)
સ્કુલ વેનનુ નવુ ભાડુ (૨૦૨૬)
૧ કિ.મી.ના (૭૫૦ રૂપીયા)
૧ કિ.મી.(૮૫૦ રૂપીયા)
૧ કિ.મી.(૧૨૦૦ રૂપીયા)
૧ કિ.મી.ના (૧૪૦૦ રૂપીયા)
૨ કિ.મી.ના (૮૫૦ રૂપીયા)
૨ કિ.મી.ના (૯૫૦ રૂપીયા)
૨ કિ.મી.ના (૧૪૦૦ રૂપીયા)
૨ કિ.મી.ના (૧૬૦૦ રૂપીયા)
૩ કિ.મી.ના (૯૫૦ રૂપીયા)
૩ કિ.મી.ના (૧૦૫૦ રૂપીયા)
૩ કિ.મી.ના (૧૬૦૦ રૂપીયા)
૩ કિ.મી.ના (૧૮૦૦ રૂપીયા)
૪ કિ.મી.ના (૧૦૫૦ રૂપીયા)
૪ કિ.મી.ના (૧૧૫૦ રૂપીયા)
૪ કિ.મી.ના (૧૮૦૦ રૂપીયા)
૪ કિ.મી.ના (૨૦૦૦ રૂપીયા)
૫ કિ.મી.ના (૧૧૫૦ રૂપીયા)
૫ કિ.મી.ના (૧૨૫૦ રૂપીયા)
૫ કિ.મી.ના (૨૦૦૦ રૂપીયા)
૫ કિ.મી.ના (૨૨૦૦ રૂપીયા)

### વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટમાં ભયાનક અકસ્માત

# ઉકળતું પ્રવાહી સ્ટીલ પડતાં ૮ મજૂરોના મોત, અનેક દાઝ્યા

### પ્લાન્ટની અંદર કામ દરમિયાન ભારે માત્રામાં ઉકળતું લિક્વિડ સ્ટીલ ઊંચકતી વખતે આ અકસ્માત સર્જાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વિશાખાપટ્ટનમ

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટમાંથી એક અત્યંત દર્દનાક અને મોટી દુર્ઘટના સામે આવી છે. પ્લાન્ટની અંદર કામ દરમિયાન ભારે માત્રામાં ઉકળતું લિક્વિડ સ્ટીલ (પીગળેલું લોખંડ) ઊંચકતી વખતે આ અકસ્માત સર્જાયો હતો. આ ભીષણ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૮ મજૂરોના મોતના આઘાતજનક સમાચાર સામે આવ્યા છે, જ્યારે અન્ય કેટલાય શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા છે.

પ્રારંભિક માહિતી અનુસાર, આ અકસ્માત સ્ટીલ પ્લાન્ટના **SMS-2** અને **STC-3** હીટ એફજી વિભાગમાં તે સમયે થયો હતો, જ્યારે ક્રેન દ્વારા ઉકળતા લિક્વિડ સ્ટીલને ઉપર ઊંચકવામાં આવી રહ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આશરે **1,500°C** ના અત્યંત ઊંચા તાપમાને ઉકળી રહેલા આ મેટલ લિક્વિડનું લેડલ (મોટું પાત્ર/ડોલ) અચાનક અનિયંત્રિત થઈને હલી ગયું હતું, જેના કારણે આ ભયાનક લાવા ત્યાં નીચે કામ કરી રહેલા મજૂરો પર ખાબક્યો હતો. ઉકળતું સ્ટીલ પડતાં જ પ્લાન્ટમાં અરાજકતા અને નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની માહિતી મળતા જ સ્ટીલ પ્લાન્ટની ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, અને આગ તેમજ પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ગંભીર રીતે દાઝી ગયેલા મજૂરોને સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત હજુ પણ ગંભીર હોવાનું કહેવાય છે.

# ગુજરાતના નવા ડીજીપી જી એસ મલીકે સંભાળ્યો પદભાર: તેમનો એકશન પ્લાન અને મિશન ફીટ ખાખી




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતના નવા ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) તરીકે જી એસ મલીકે સત્તાવાર રીતે આજે સોમવારે ચાર્જ સંભાળી લીધો હતો. પદભાર સંભાળ્યા બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે રાજયમાં કાયદો અને વ્યવસ્થા મજબુત બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાની વાત કરી હતી. સૌપ્રથમ તેમણે સરકાર, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે પોલીસીંગમાં તાલીમ અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ગુન્હા નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે. ખાસ કરીને સીસીટીવી કેમેરા નેટવર્કને વધુ મજબુત બનાવવાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે અમદાવાદમાં હાલ લગભગ ૨૪ હજાર જેટલા સીસીટીવી કેમેરા કાર્યરત છે અને રાજયમાં લોકભાગીદારી થી વધુ કેમેરા લગાવવાની યોજના છે. ડીજીપી મલીકે વધુમાં કહ્યુ હતુ કે નાગરીકોને પોલીસ સ્ટેશન સ્તરે જ ઝડપી ન્યાય મળે તેવા આયોજન પર કામ કરવામાં આવશે. જેથી અરજદારોને ગાંધીનગર સુધી ધકકા ખાવા ન પડે, તેમણે ડ્રગ્સ, સાયબર ક્રાઈમ અને અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની પ્રતિબધ્ધતા પણ વ્યકત કરી હતી.

સાયબર ક્રાઈમને તેમણે મોટો પડકાર ગણાવી કહ્યુ હતુ કે આવા કેસોમાં ઝડપી તપાસ અને ન્યાય માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. સાથે જ ગુન્હેગારોમાં પોલીસનો ડર જળવાઈ રહે તે જરૂરી હોવાનુ પણ તેમણે જણાવ્યુ હતું. રથયાત્રા જેવી મોટા ઈવેન્ટને લઈને તેમણે કહ્યુ હતુ કે સુરક્ષા વ્યવસ્થા માટે ખાસ આયોજન કરવામાં આવશે. ટ્રાફીક મેનેજમેન્ટ અને રોડ અકસ્માત ઘટાડવા માટે પણ વિશેષ ધ્યાન આપવામાં આવશે. તેમણે મિશન ફીટ ખાખી, યોજના રાજયમાં લાગુ કરવાની જાહેરાત કરી હતી. જેમાં પોલીસ કર્મચારીઓની શારીરિક અને માનસિક તંદુરસ્તી પર ધ્યાન આપવામાં આવશે. યોગ, હેલ્થી ડાયટ અને ફીટનેશ ચાર્ટ જેવી વ્યવસ્થાઓ પણ અમલમાં આવશે. અંતમાં તેમણે ગેરકાયદેસર વસવાટ કરનારા સામે ચાલી રહેલા ઓપરેશનો ચાલુ રાખવાની સ્પષ્ટતા કરી હતી. જેમાં ડેલ્ટા હન્ટ જેવા અભિયાન હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### ધરાર વીજ લાઈનો નાંખવા સામે આક્રોશ: થાંભલાની સાથે સરકારને પણ ઉખેડી ફેંકવાનો હુંકાર

# મોરબીથી આગામી ૧૫ જુને ગાંધીનગરમાં ખેડુતોનુ કુચ નુ એલાન : ખેડુત આંદોલન હવે વધુ ઉગ્ર બન્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબી જિલ્લામાં છેલ્લા લાંબા સમયથી ખેડુતોના ખેતરમાંથી હેવી લાઈન પસાર કરવા મુદ્દે ખેડુતો અને વીજ કંપની વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. તેવામાં મોરબી તાલુકાના જેતપર ગામે વળતર ચુકવ્યા વગર જ થાંભલા ઉભા કરવા મુદ્દે ખેડુતો ખુલ્લી છાતીએ કંપની સામે મેદાનમાં ઉતરી ધરપકડ વહોરતા સમગ્ર રાજયમાં ગંભીર પડઘા પડયા છે. તો બીજી તરફ ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ અને કિસાન કોંગ્રેસ ખુલીને ખેડુતોની પડખે આવી રવિવારે રાત્રે જેતપર ખાતે સભા યોજી સરકાર અને કંપનીને લડત માટેનુ અલ્ટીમેટમ આપી આગામી ૧૫ જુને ગાંધીનગરમાં ટ્રેકટર રેલી થકી વિરોધ કરી સરકાર સમક્ષ હેવી વીજ લાઈન મુદ્દે ૩ શરતો મુકવાની સાથે બળજબરીથી ખેડુતોના ખેતરમાં થાંભલા ઉભા કરવામાં આવશે તો થાંભલાની સાથે સરકારને પણ ઉખાડી ફેંકવા હુંકાર કર્યો હતો.

# ભાજપના સાંસદ મનસુખ વસાવાએ કહ્યું મંદિરમાં વિદેશી નહી દેશી દારૂ ચઢાવો




પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના સુપ્રસિધ્ધ દેવમોગરા મંદિરમાં દારૂ ચઢાવવાની પરંપરા અંગે સાંસદ મનસુખ વસાવાએ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યુ હતું. તેમણે સ્પષ્ટતા કરી હતી કે મંદિરમાં વિદેશી કે કેમિકલ યુકત દારૂ ચઢાવવો યોગ્ય નથી. વસાવાના મતે, આદિવાસી સંસ્કૃતિ અને સ્થાનિક પરંપરા અનુસાર મંદિરમાં મહુડાનો દારૂ જ અર્પણ કરવો જોઈએ. સાંસદ મનસુખ વસાવાએ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે મહુડાનો દારૂ સ્થાનિક પરંપરા અને આસ્થાનુ પ્રતિક છે. જયારે વિદેશી દારૂ કેમિકલ યુકત હોવાથી ધાર્મિક વિધિઓમાં તેને સ્થાન આપવુ અયોગ્ય છે. તેમણે ભકતોને મંદિરની પરંપરા જાળવી રાખવા અને શુધ્ધ ઘરે બનાવેલા મહુડાના દારૂ નો જ ઉપયોગ કરવા અપીલ કરી છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે વિદેશી દારૂનુ સેવન સ્વાસ્થ્ય માટે ભયંકર નુકશાનકારક છે અને અનેક પ્રકારની બિમારીઓ નોતરી શકે છે. કારણ કે તે કેમિકલયુકત હોય છે. દેવમોગરા જેવા ધાર્મિક સ્થળોએ કેમિકલયુકત કે ડુપ્લીકેટ દારૂ ન લઈ જવા પર પણ તેમણે ભાર મુકયો હતો.


## પશ્ચિમ રેલ્વે

### સમારકામ કાર્ય

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 દ્વારા ઈ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/60 તા. 05/06/2026 કામ અને સ્થળ: કાંદિવલી, બોરીવલી અને દહિસર રેલવે કોલોની માટે 02 વર્ષના સમયગાળા માટે આઉટસોર્સિંગ દ્વારા રોજિંદા ધોરણે સમારકામની જરૂર છે. કામનો અંદાજિત ખર્ચ: ₹ 2,06,95,331.08/- EMD: ₹4,13,900.00/- અરજી કરવાની તારીખ અને સમય: તા.30.06.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.30.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0209

અમને લાઈક કરો: facebook.com/WesternRly

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન
ઉતર ઝોન ઈજનેર વિભાગ
ઓન લાઈન ટેન્ડર નિવિદા

શોર્ટ ઈ-ટેન્ડર નોટીસ નંબર-૦૩-૨૦૨૬-૨૭

ઉતરઝોન નરોડા વોર્ડમ્પ્ર ટી.પી ૧૨૧ એફ.પી.૧૨૨ સ્કુલ બિલ્ડીગ પ્લોટમાં ફાયરના પંપ સપ્લાય કરવાના તથા તેને લગતી આનુસાંગીક કામગીરી કરવાના કામ

| કુલ ટેન્ડર | 1 | તારીખ | સમય |
|---|---|---|---|
| ઓન લાઈન ટેન્ડરભરવાની છેલ્લી તારીખ તથા સમય | | 15.06.2026 | સમય બપોરે ૫.૦૦.વાગ્યા સુધી |
| ટેન્ડર ડોકયુમેન્ટ ,ઈ.એમ.ડી અને અન્ય પુરવા જમા કરાવવાની છેલ્લી તારીખ તથા સમય | | 16.06.2026 | સમય બપોરે ૫.૦૦.વાગ્યા સુધી |
| ઈ-ટેન્ડરના બીડ ૧ ટેન્ડર ખોલવાની તારીખ | | 17.06.2026 | સમય સવારે ૧૧.૦૦ વાગ્યે |
| ટેન્ડર વિગતો ઉપલબ્ધ માટેની વેબ સાઈટ | www.ahmedabadcity.gov.in www.amc.nprocure.com ,http://amc.nprocure.com, | | |

ડે.મ્યુનિ.કમિશ્નર(ઉતર ઝોન)

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

सत्यमेव जयते
ગુજરાત સરકાર



**જેમના જીવનની દરેક ક્ષણ સેવા અને રાષ્ટ્રહિત પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, જેમના માટે જનકલ્યાણ જ જીવનસાધના છે, એવા સેવાભાવી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતની અવિરત પ્રગતિ થઇ રહી છે એવું સમગ્ર દેશ કહી રહ્યો છે...**

# 12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

## ગરીબ કલ્યાણ

- **81 કરોડથી વધુ** નાગરિકોને દર મહિને **નિ:શુલ્ક અનાજ**
- **4 કરોડથી વધુ પીએમ આવાસ, 10.5 કરોડથી વધુ ઉજ્જવલા ગેસ કનેક્શન** અને **12 કરોડથી વધુ શૌચાલયો**થી જીવન બન્યું સરળ

## યુવાશક્તિ

- અંદાજે **2 કરોડ** યુવાનોને **કૌશલ્ય તાલીમ**
- **₹40 લાખ કરોડથી વધુ**ની **મુદ્રા લોન**
- દેશભરમાં **2.2 લાખ સ્ટાર્ટઅપ્સ**
- **10,000થી વધુ અટલ ટિંકરિંગ લેબ્સ** દ્વારા નવીનતાને પ્રોત્સાહન

## ખેડૂત કલ્યાણ

- **₹4.3 લાખ કરોડ**ની પીએમ કિસાન સમ્માન નિધિ
- **4 કરોડથી વધુ** ખેડૂતોને **₹2 લાખ કરોડ**નું **પાક વીમા કવચ**
- **₹26 લાખ કરોડથી વધુ**ના પાકની ખરીદી **MSP** પર
- **8 કરોડ** ખેડૂતોને **કિસાન ક્રેડિટ કાર્ડ**

## નારીશક્તિ

- **32 કરોડથી વધુ** મહિલાઓના **જનધન ખાતા** ખુલ્યા
- સેનામાં મહિલાઓને મળ્યું **સ્થાયી કમિશન**
- **3 કરોડથી વધુ 'લખપતિ દીદી'**
- **10 કરોડ** ગ્રામીણ મહિલાઓ **91 લાખથી વધુ સ્વ-સહાય જૂથો**ના માધ્યમથી બની સશક્ત

## આરોગ્ય

- **70 વર્ષથી વધુ** વયના વરિષ્ઠ નાગરિકોને પણ **₹5 લાખ** સુધી **મફત સારવાર**
- **60 કરોડથી વધુ** લોકોને **આયુષ્માન ભારત**નું સુરક્ષા કવચ
- દેશભરમાં **19,000થી વધુ જનઔષધિ કેન્દ્રો**માં **90%** સુધી સસ્તી દવાઓ

## મધ્યમવર્ગીય પરિવાર

- **₹12.75 લાખ** સુધીની વાર્ષિક આવક **કરમુક્ત**
- **ઉડાન યોજના** હેઠળ **1.6 કરોડથી વધુ** મુસાફરોએ કરી સસ્તી હવાઈ યાત્રા
- **એમબીબીએસ** બેઠકોની સંખ્યા 151% વધીને અંદાજે **1.3 લાખ** થઈ

## રાષ્ટ્ર નિર્માણ

- **26** શહેરોમાં વિસ્તર્યું **1,100 કિ.મી.** થી વધુનું **મેટ્રો નેટવર્ક**
- દેશભરમાં દોડી રહી છે **164 વંદે ભારત ટ્રેનો**
- અટલ સેતુ, સુદર્શન સેતુ, ચિનાબ રેલ બ્રિજ, બોગીબિલ બ્રિજ, પંબન બ્રિજ જેવા **વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ**
- **એરપોર્ટ્સ**ની સંખ્યા 74થી વધીને **164** થઈ

## રાષ્ટ્ર પ્રથમ

- આશરે **₹38,400 કરોડ**નું રેકોર્ડ **ડિફેન્સ એક્સપોર્ટ**
- **નક્સલવાદમુક્ત ભારત**નું સપનું થયું સાકાર, આતંકવાદ સામે **'ઝીરો ટોલરન્સ' નીતિ**
- ગુલામીની માનસિકતામાંથી મુક્તિ – રાજપથ બન્યો **કર્તવ્ય પથ** અને **છત્રપતિ શિવાજી મહારાજ**ની **મુદ્રા**થી પ્રેરિત **નૌસેનાનો નવો ધ્વજ**

## વારસો અને વિકાસ

- અયોધ્યામાં **ભવ્ય રામ મંદિર**નું નિર્માણ
- કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ મહાલોક અને કેદારનાથ ધામનો **કાયાકલ્પ**

ગરીબ કલ્યાણ, યુવાશક્તિ અને નારીશક્તિના સશક્તિકરણ થકી દેશને અગ્રેસર કરતા આ **'૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના'** એ **આદરણીય વડાપ્રધાનશ્રીની રાષ્ટ્રહિત** પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. - **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



# સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ પદે અશોક જીરાવાલાની થયેલી વરણીથી કાપડ બજારમાં અનેરો ઉત્સાહ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના કાપડ બજાર થી લઈ રાજકારણ અને સામાજિક ક્ષેત્રે જાણીતું નામ એટલે અશોક જીરાવાલા. જેઓ હાલમાં જ સર્વાનુમતે સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (SGCCI)ના પ્રમુખ નિયુક્તિ પામતા કાપડ બજાર સહિત એમના મિત્ર વર્તુળોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.




હવે એક નજર કરીએ ચેમ્બર ઓફ કોમર્સની કામગીરી ઉપર ઉદ્યોગ જગતની સમસ્યાઓ અંગે જાગૃતિ રાખી ઈન્ડસ્ટ્રીઝ ની જાણકારી મેળવી મદદરૂપ બનવું, ઉદ્યોગોમાં ગેસ અંગેની કાર્યવાહી, એક્સપોર્ટ અંગે તેમજ બિઝનેસ વિશે સરકાર સાથે ચર્ચા વિચારણા કરી ભારત સહિતના અન્ય દેશોમાં ઉદ્યોગ જગત બાબતે વિશ્વના ફલક પર નવી નવી આર્થિક નીતિઓની ચર્ચાઓ કરવી,વિગેરે કામગીરી પણ ચેમ્બરે કરવાની હોય છે.

આપણે અહી વાત કરીએ ચેમ્બરના પ્રમુખ પદે વરાયેલા અશોક જીરાવાલા જેમનો મુખ્ય વ્યવસાય ટેક્સટાઈલનો છે. એટલે કે કાપડ બજાર સાથેનો સીધો સંબંધ અને એને કારણે કાપડ બજારના વહેપારીઓમાં પણ સારી છાપ ધરાવતા હસમુખા અને નિખાલસ સ્વભાવથી પણ અશોક જીરાવાલા ઓળખાય છે.

આ અશોક જીરાવાલા મૂળ સૌરાષ્ટ્રવાસી એટલે કે કાઠીયાવાડના રહેવાસી એટલે સૌરાષ્ટ્ર પાટીદાર સમાજમાંથી આવે છે. એમને (અશોકભાઈ) ને સને ૨૦૧૧ માં સુરત શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પદે રહી સુંદર કામગીરી પણ કરી સંગઠનને મજબૂત બનાવવામાં અગ્રેસર રહ્યા હતા.એમના અનુભવની જો વાત કરીએ તો ૧૯૮૨ માં સેવા દળના સભ્ય હતા. ૧૯૮૫ માં યુવક કોંગ્રેસના કાર્યકારી પદે પણ રહ્યા હતા. તદપરાંત ૧૯૯૪ થી ૨૦૦૨ સુધી સુરત જિલ્લા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ પદે પણ રહી સુંદર કામગીરી કરી હતી.

તેઓ વિવિધ સંગઠનો સાથે હાલમાં પણ જોડાયેલા છે. જેવા કે પ્રમુખ ફેડરેશન ગુજરાત વિવર્સ એસોસિએશન, પ્રમુખ વરાછા, કાપોદ્રા વિવર્સ એસોસિએશન, ટ્રસ્ટી યોગા સ્પોર્ટ્સ અને એડવેન્ચર એસોસિયેશન. હાલની જો વાત કરીએ તો ૨૦૨૫ થી ૨૦૨૬ સુધીમાં તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સી.એમ ભુપેન્દ્ર પટેલ સાથે રૂબરૂ મુલાકાત કરી ઉદ્યોગોમાં ગેસ સપ્લાય અંગેની વાતચીત અને પીએમ મિત્રા પાર્ક અંગેની ચર્ચા વિચારણા, ૨૫ એપ્રિલ ૨૦૨૬ મિડલ ઈસ્ટ ઉપર સ્પીચ આપી અને ન્યુ ગ્લોબલ માર્કેટની વાત કરી. ૩૦ એપ્રિલ ૨૦૨૬ ઈન્ડિયા-UK FTA સેમિનારમાં કહ્યું હતું કે UK માર્કેટમાં સુરત ટેક્સટાઈલને ફાયદો થશે. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ માં ગુજરાત ફાયનાન્સ મંત્રીને મળી GIDC, ITC રિફંડ અને ટેક્ષટાઈલ સબસીડી ની માંગ કરી ઉદ્યોગ જગત ને ધબકતું રાખવાના પ્રયત્નો કરનારા અશોક જીરાવાલાની ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે વરણી થતાં સામાજિક અગ્રણી અને જીરાવલાના ખાસ મિત્ર તેમજ મીડિયા જગત સાથે સંકળાયેલા સામાજિક સંસ્થાના છગનલાલ મેવાડાએ અશોક જીરાવલાને પાઘડી પહેરાવી બુકે આપી એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. એ સાથે ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પદે રવિરાજ દેસાઈ, સેક્રેટરી તરીકે પરેશભાઈ લાઠીયા અને ખજાનચી તરીકે અતુલભાઈ પટેલની વરણી કરાતા તમામને છગનલાલ મેવાડા તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# દેશમાં છાશવારે બનતા અગ્નિકાંડો સામે તંત્ર વારંવાર વામણુ, લાચાર અને બેદરકાર કેમ પુરવાર થાય છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજધાની દિલ્હીનો તાજેતરનો કિસ્સો દિલ્હીના માલવિયા નગર વિસ્તારમાં એક હોટલમાં ભીષણ આગનો છે. જેમાં ૨૧ લોકો માર્યા ગયા હતા. અગાઉ વિવેક વિહાર માં લાગેલી આગમાં નવ લોકોના મોત થયા હતા. આવી ઘટનાઓએ ગેરકાયદેસર બાંધકામ, વહીવટી બેદરકારી અને કાયદા પ્રત્યેની અવગણનાના વધતા વલણ વચ્ચેની ખતરનાક સાંઠગાંઠને ખુલ્લી પાડી છે. અગ્નિ સલામતી તંત્ર અને વહીવટી માળખા કાગળ સુધી જ મર્યાદિત છે. દર્દીઓ સામાન્ય રીતે પોતાનો જીવ બચાવવાની આશામાં સારવાર લે છે પરંતુ જ્યારે સૌથી સુરક્ષિત માનવામાં આવતા રૂમ ICU માં જ તેમના જીવ જોખમમાં હોય ત્યારે જવાબદાર કોણ? હોસ્પિટલોમાં ફાયર સેફટીથી માંડીને સલામતીના નિયમોની જે રીતે અવગણનના કરવામાં આવી રહી છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે હોસ્પિટલો એક એવો વ્યવસાય બની ગયો છે જ્યાં જીવનનું જાણે કે કોઈ મૂલ્ય નથી. આવી હોસ્પિટલોમાં સાંકડા રસ્તાઓ, અનઅધિકૃત બાંધકામ ,સિંગલ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ અને ફાયર ક્લિયરન્સ સર્ટીફીકેટ વિના કામ કરવું. દિલ્હીમાં અને દેશભરમાં સામાન્ય છે કે કડક કાયદા હોવા છતાં બિલ્ડરો અને ગેરકાયદેસર રીતે લાલીયાવાડી ચલાવતા સંચાલકો ને નિયમોનું પાલન કરવાનો કોઈ ડર નથી.ઘણી ઈમારતો અને અન્ય માળખાકીય પ્રોજેક્ટસ જે ગેરકાયદેસર છે. ઘણીવાર અગ્નિ સલામતીના નિયમોનું પાલન કરતા નથી. અગ્નિ સલામતીની અવગણના પણ ગંભીર ચિંતાનો વિષય છે. આવા અકસ્માતો વહીવટી અને નાગરિક બેદરકારીનો જીવંત પુરાવો છે. ત્યારે પ્રશ્નએ ઉપસ્થિત થાય છે કે બિનઆયોજિત વિકાસની આંધળી દોડમાં જીવન અને સંપત્તિ સાથે ક્યાં સુધી ચેડાં થતા રહેશે? કાયદાઓનો કડક અમલ થવો જોઈએ. આ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ અને લાંચના બદલામાં મંજૂરી આપનારા અધિકારીઓ સામે કડક પગલાં લેવા જોઈએ. નાગરિક સલામતીને પ્રાથમિકતા આપવી જરૂરી છે. મ્યુનિસિપલ સંસ્થાઓએ પાલન પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુલભ બનાવવી જોઈએ એ જ સમયની માંગ છે.

# રાજય સભા માટે ભાજપના ચારેય ઉમેદવારોએ વિજય મુર્હુતમાં વિધાનસભા ખાતે નામાંકન પત્ર ભર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજય સભાની દ્વી વાર્ષિક ચુંટણી અંતર્ગત ગુજરાતની ચાર રાજયસભા બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવાર રાજુ શુકલ , માનસિંહ પરમાર, મુકેશ રાઠવા અને જીતેન્દ્ર કંણઝારીયા એ આજે સોમવારે ગુજરાત વિધાનસભા ખાતે નામાંકન પત્રક ભર્યુ હતું. આજે સોમવારે ઉમેદવારી માટેનો અંતિમ દિવસ હોય ભાજપ દ્વારા જાહેર કરાયેલા ચારેય ઉમેદવારોએ વિજય



મુહુર્તમાં ફોર્મ ભર્યા હતા. સંખ્યાબળ જોતા ભાજપના ચારેય ઉમેદવારોની જીત નિશ્ચિત મનાઈ રહી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર, વિધાનસભાના ઉપાધ્યક્ષ પુર્ણેશ મોદી , રાજય સરકારના મંત્રીઓ સહિત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કોઈ મોટો ઉલટફેર નહી થાય તો ચારેય બેઠક પર જીત નિશ્ચિત હોવાનુ અનુમાન લગાડવામાં આવી રહ્યુ છે. ઈતિહાસમાં પ્રથમવાર કોંગ્રેસનો એકપણ સભ્ય નહી રહે.

# ગુજરાતમાં પ્રજા રામ ભરોસેઃ નગરપાલિકાઓ લોનભરોસેઃ ૧૫૨ નગરપાલિકા દેવાના ડુંગર તળે દબાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

એક તરફ ગુજરાત સરકાર વિકાસના ઉત્સવો ઉજવવામાં મુશગુલ છે. તો બીજી તરફ રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આર્થિક સ્થિતિ વેન્ટીલેટર પર આવી ગઈ છે. દેવુ કરીને ઘી પીવાની સરકારી નિતીને લીધે આજે ગુજરાતની ૧૫૨ નગરપાલિકાઓ દેવાના ડુંગર તળે દબાઈ ચુકી છે.

સ્થિતિ તો એટલી હદે વણસી છે કે પ્રજાને શુધ્ધ પીવાનુ પાણી પુરૂ પાડતી નગરપાલિકાઓનુ રૂપીયા ૧૪૮ કરોડનુ પાણીનુ બીલ બાકી બોલે છે. આ આંકડો જ સાબિત કરે છે કે સરકારી તીજોરી તળીયા ઝાટક થઈ ગઈ છે અને કહેવાતો વિકાસ માત્ર કાગળ પર જ ચમકી રહ્યો છે.



મોભાદાર ગણાતી મોટાભાગની નગરપાલિકાઓએ પાણીના બિલ ચુકવવા માટે ખુદ સરકારે લોન આપવી પડી છે. લોન લેતી વખતે સરકારે ખાસ તાકીદ કરી હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઘણી નગરપાલિકાઓએ હજુ સુધી લોનનો એક પણ હપ્તો ભર્યો નથી. મફતનુ મેળવીને જલસા કરવાની આ રાજકીય માનસિકતાએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને આઈસીયુમાં ધકેલી દીધી છે. ખાલી તીજોરીએ વહિવટ કરવો હવે અધિકારીઓ માટે લોઢાના ચણા ચાવવા જેઓ સાબિત થઈ રહ્યો છે. સરકારની બેવડી નીતીનો પર્દાફાશ એ વાત થી થાય છે કે જયાં સુધી ચુંટણીઓ ચાલતી હતી, ત્યાં સુધી જનતાને રાજી રાખવા માટે સરકારે મૌન ધારણ કર્યુ હતું. પરંતુ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પતી અને વોટબેંકનુ રાજકારણ સેટ થયુ, એટલે તરત જ સરકારે આકરા આદેશો છુટા કર્યા છે. કે હવે જનતા પાસેથી કડક ઉઘરાણી શરૂ કરો, તેનુ કારણ એ છે કે ભાજપના સત્તાધીશો સત્તા તો મેળવી લીધી પણ હવે ખાલી તીજોરીએ વહિવટ કરવો અઘરો થયો છે. વાહવાહી લુંટવામાં મોખરે રહેતી સરકારે હવે નગરપાલિકાઓને અપાતી વિકાસની ગ્રાન્ટોમાં સરકારે કાતર ફેરવવાનુ શરૂ કરી દીધુ છે.

કલ્યાણકારી યોજનાઓ અને પાયાની સુવિધાઓ માટે જે બજેટ ફાળવવાનુ હતુ તેમાં ધરખમ કાપ મુકાઈ રહ્યો છે, સવાલ એ ઉઠી રહ્યો છે કે જો ગ્રાન્ટો જ કાપી નાખવામાં આવશે તો ચોમાસામાં તુટેલા રોડ રસ્તા, સ્ટ્રીટ લાઈટો કે ગટર સહિતની સુવિધાઓ કયા પૈસાથી ઠીક થશે ? ૧૪૮ કરોડનુ પાણીનુ બીલ બાકી હોવુ એ કોઈ સામાન્ય બાબત નથી. આ વહિવટી નિષ્ફળતાની પરાકાષ્ઠા છે. એક તરફ ડીઝીટલ ઈન્ડીયા અને સ્માર્ટ સીટીના બણગાં ફુંકાય છે. તો બીજી તરફ નગરપાલિકાઓ પાસે પાણીનુ બિલ ચુકવવાના નાણાં નથી. સરકારી ઉત્સવો પાછળ પાણીની જેમ પૈસા વહાવતી સરકાર પોતાની જ પાલિકાઓને આત્મનિર્ભર બનાવવામાં નિષ્ફળ નીવડી છે.

